શ્રીમન્મહારાજાધિરાજ વાંસદા મહારાઊલશ્રી ૧૦૮
પ્રતાપસિંહજીના યુવરાજશ્રી ઇંદ્રસિંહજીનો

વિવાહ વિનોદ.

શ્રીમન્મહારાજાધિરાજ મહા રાઊલશ્રી ૧૦૮
તખ્તસિંહજીનાં બાઇજીલાલ કુંવરીશ્રીનો

લગ્નોત્સવ.

રચનાર-પ્રસિદ્ધ કરનાર.
કવિ. શિવલાલ ખુશાલભાઇ બ્રહ્મભટ.
અમદાવાદ—ગોમતીપુર.

દુહો.

યથેચ્છ જેથિ આળેખ્યું, લક્ષમાં રહે લખાણ;
સારજ સમજાય સ્વલ્પમાં, વીરપુરૂષો વિદ્વાન.

અમદાવાદ.
ખમાસાને ચકલે ધી 'નટવર' પ્રિન્ટીંગ પ્રેસમાં
ભોગીલાલ નારણદાસ બોડીવાળાએ છાપ્યો.
સંવત ૧૯૬૭ સન ૧૯૧૧
કીમત ૦—૧—૦

શ્રીમન્મહારાજાધિરાજવાંસદા મહારાઉલ શ્રીપ્રતાપ-
સિંહજીના યુવરાજશ્રી ઇંદ્રસિંહજીનો

વિવાહ વિનોદ.

શ્રીમન્મહારાજાધિરાજ માણસા મહારાઉલ શ્રી ૧૦૮
તખ્તસિંહજીનાં બાઇજીલાલ કુંવરી નો

લગ્નોત્સવ.

મંગલાષ્ટક.

શ્રીસ્વામી સુખધામિ ધામિ જિનના, ભૈરાનામિ નારાયણ;
શાંતાકારિ, મુરારિ તારિ પ્રભુના, ભારી ભવોદ્ધારણ;
એવા હે વિભુજી વિશંભુ સવિતા, વિશ્વંભરા વિઠલ;
સુમ્હૂર્ત વરનાર દંપતિ તણું, પ્રેમે કરો મંગલ. ૧
ચામુંડા દુરગા નિશુંભ હરણી, આશાપૂરી કાલિકા;
અંબીકા ભલી ભૈરવી ભયહરી, મહાલક્ષ્મી રેણુકા;
વારાહી દુખ નાશની બહુચરા, હે ચંડ શક્તી બલ;
સુમ્હુર્તે વરનાર દંપતિતણું, નિત્યે કરો મંગલ. ૨
ગંગા ગોમતિ સાભ્ર તાપિ ફલ્ગુ, પાપોઘ્ન ગોદાવરી,
વેણીપ્રાગ મહેંદ્રિ વેત્ર પુરણા, કાવેરી કૃષ્ણા નદી;
ક્ષીપ્રા ભાગિરથી કુમારિ યમના, સીતા અતી નિર્મલ;
સુમ્હુર્તે વરનાર દંપતિ તણું, સર્વે કરો મંગલ ૩
સિંધુ ક્ષાર મધુ દધી ક્ષીર અને, સ્વાદુક ઘૃતો દધી;
ઇક્ષુ શ્યામ પિળા ભુરા વરણનો, આપે સદા સુમતી;
સર્વે સાગર સિંધુ હેત ભરિયા, દેનાર લક્ષ્મીબલ;
સુમ્હુર્તે વરનાર દંપતિ તણું, ત્રાતા કરો મંગલ,

વાયૂ અગ્નિ વરૂણ વાસવ સુરો, કલ્યાણ એનું કરો;
શંભૂના ગણ હોય જેહ સઘળા, આશીશ મંત્રો ભણો;
રાખો મંગલ સુત્ર પાસ કુવરીના, સુખી કરી નીશ્ચલ;
સુમ્હુર્તે વરનાર દંપતિ તણું, પ્રેમે કરો મંગલ ૬
દીપેછે વર રાજ આજ અધિકા, દીપે વધુ દેશમાં;
દીપે મંડપ સ્થાન ગીત મધુરાં વાદીત્ય વીશેસમાં;
દીપે મંગલ સ્તોત્ર વિપ્ર વદતા, વાણી અતી વીમલ;
સુમ્હુર્તે વરનાર દંપતિ તણું, નિત્યે કરો મંગલ. ૭
થાજે તું દમયંતિ ને જનકજા, પદ્માવતી પાર્વતી;
થાજે તું કમળા સમાન યશમાં, તારામતી સત્વતી;
થાજો સતતિ સંપતી સુખ વધું, સૌ શ્રેયકારી ફલ;
સુમ્હુર્તે વરનાર દંપતિ તણું, દેવા કરો મંગલ. ૮

ગીતિ.

જય જય જય સહુ ગાઓ, ધાગો શાંતી સદૈવ સુખકારી;
યશ ગુણ નિત્ય ગવાઓ, લ્હાવો આપો વિભૂ વિમલકારી, ૯
શુભ પળ શુભ મુહુર્તે, જોડાય જોડું અતી સુકુળ ધારી;
અંગિકારિ ગિરિધાર, કુશલ કરશો કૃતાર્થ જયકારી—

મંડપ વિશે બનવાની ઠુમરી

મંડપ શોભા મનોહર કીધી, પ્રતાપસિંહજી મહારાજે,
મહેલ મેડીતો રંગ્યાં રૂપાળાં, છટ દાર તે બહુ છાજે મંડપ ટેક
આમંત્રણો કીધાં હરેકરાજમાં, આવ્યા અધિપતીયો એમને હોંસે
છત્રીસે વાજાં વાજી રહયા જયાં, ગહ ગહ નોબતો ગાજે;
સીરપાવો દીધ કવિજનોને, બહાદુર બંદેની વાજે. મં.
પ્રતાપી પ્રતાપસિંહે આવખતે, હદવાળી અક્કલબાજે. મં.
અચળ રહો ઇંદ્રસિંહ, પ્રવિણસિંહ, કુસળતા મેળવો સૌ કાજે.
અમોઘ આસીરવાદ ઉચરીયો, સમરી સદાશીવ શિવરાજે. મં.

દુહા.

પ્રતાપસિંહજી પ્રાક્રમી, ગુણ નીધી ગંભીર,
રૂડા રાખ્યા રાજમાં, વડા વિવેકી વજીર. ૧
કરૂણા સિંધુ કેશરી, બહાદુર બુધ્ધી નિધાન;
સદકીરતિ વરી સર્વમાં, રીધ્ધીપતી રાજન. ૨
ઉદારતા દાખી ઉરમાં, જ્યુબીલી પ્રસંગ;
મહોતસવ મોટો કર્યો, ઉરધરી ઉછરંગ. ૩
દુનિયા વિશે, દર્શાવ્યું નામ પ્રમાણે નુર,
શાબાશી વરી સર્વમાં; ઇંગ્રેજોની હજુર. ૪

મનહર છંદ.

પ્રતાપી પ્રતાપસિંહ, વાંસદાના વડા રાજ,
ઉદાર અક્કલબાજ, જયકારી જહાનમાં.
વરસ પચીસ વિત્યા બીરાજ્યે બાડોસ ગાદી.
મેળવી મુબાર્ક બાદી, વિરોને વિદ્વાનમાં.
જાહેર જ્યુબીલ કરી, ખુશાલી તે ખુબ ધરી,
વિમળ કીરતિવરી, રૂડેરા રાજાનમાં.
કહે કવિ શિવલાલ, બહાદુર બુદ્ધિ વિશાળ,
પરતાપ પ્રજાપાલ, રીતીરૂ રેકાનમાં. ૧

રાજ્ય કારકીદી કરતાં પ્રતાપસિંહજીને પચીસ વર્ષ થયાની જ્યુબીલી મહોત્સવ.

સવૈયા એકત્રીસા, પહલાવણી. હરેક રાગ રાગણીયોમાં ગવાયછે

પચીસ વર્ષ થયાં પ્રતાપસિહને, બીરાજરે વાંસદાની ગાદી;
કુશળતા મેળવી રાજકાજમાં, મેળવી મુબારક બાદી. પ. ટેક.
જેની ખુશાલીને ખાતર, જગજાહેર જ્યુબીલી કીધી;
પરોપકાર્યે પ્રતાપસિંહે, મોટી સખાવાત રકમો દીધી. પ. ૧

શૂરા રાજે સહુપ્રેમેથી, સખાવતો કીધી સારી;
અચળ નામ હતું આલમમાં, વિમળ યશકીર્તી વિસ્તારી. ૨
જન્મોત્સવ રાજકારકીર્દીકેરા, જાહેર જ્યુબીલી પ્રસંગે,
ઉદારતા બહુ ઉત્તમ કીધી, અધિપતીએ ઉર ઉછરંગે. પ. ૩
મહોત્સવ મહા મોટો રચીયો, દાન દઈ બહુ વિધ દર્શાવી;
પ્રજાહિતેચ્છુ કામો કીધાં, મોદ ઘણો મનમાં લાવી. પ. ૪
સુભ દૃષ્ટાંત દેવાનું સન્માન, ઘટે આટલાને ઘણું કરી;
કચ્છ લીમડી ભાવનગરને, પ્રજા કેરી પીડા હરી, પ. ૫
વીસ હજારની પ્રતાપસિંહે, પાછલી બાકી માંડી વાળી;
ખુશ હતું મન ખલકકેરું દેણદારને મન દીવાળી, પ. ૬
સોળ હજારનુ સરાફો લેણું, મહારાજાએ માફ કર્યું;
રહ્યું હતુ જે રૈયત પાસે, યશ્વી રાજે દુઃખ હર્યું, પ. ૭
જીહોશી ઉદારતા જગમાં, જાહેર રીતે જણાવી,
વર્ષ ગાંઠ જ્યુબીલી પ્રસંગે, મનોહર મહોત્સવ મચાવી. પ. ૮
ઓછાં માનને ઓછાં વખાણો ઘટે નહી એમને દેવાં;
ઘણાં માનને ઘણાં વખાણો, કોડ વસા ઘટે કેહેવાં. પ. ૯
એક મહીનાનો પગાર બક્ષીસ, આપવા ઠરાવ ઉમદા કીધો.
હરેક રાજના નોકરોને, જરાજસ્વી રાજે લીધો. પ. ૧૦
મેટ્રીક સ્કુલ ફાઇનલના વિદ્યાર્થીનો બંદોબસ્ત કીધો સારો.
ફીમેલ ત્રેનિંગમેલ ત્રેનીંગમાં, ભણવા આશ્રય લે હજારો. ૧૧
ખેતીવાડી જંગલખાતાના, અભ્યાસ કરવાને કાજે;
સુરત હાઈસ્કુલ વિગેરેનો, બંદોબસ્ત કીધો રાજે, પ. ૧૨
સુરત વનિતા વિશ્રામમાંહે, બંદોબસ્ત સારો કરીયો;
કૃપા કરીને વિધવાકેરો, મોકલવા હુકમ ઉચરીઓ. પ. ૧૩
એકસો પચાસ એકર જમીન, ગોચરણની કાઢી આપવા;
બંદોબસ્ત કીધો બાહોશે, અનાથ બાળાશ્રમ સ્થાપવા. ૧૪

ઈનાઈની યાત્રામાં સહુને, પુષ્કળ પાણી પુરૂ પડવા,
સજા માફ કરવા કેદીની, હુકમ કર્યો કમી કરવા; ૧૫
રજપુત છોકરા માટે રાત્રીની, શાળા બહુ સારી સ્થાપવા;
હુકમ કીધો અધિપતીએ સારો, હોશિયારને ઈનાના આપવા.
વૉટર વર્ક કરવા વાંસદામાં, જનાએ પ્રીતી જણાવી;
પ્રજાપાળ શ્રી પ્રતાપસિંહજી, દાનાઈ બહુ દર્શાવી. પ. ૧૭
વાંસદા રાજ્યના ઈતિહાસમાંહે, આટલી લાંબી મુદત ગાદી;
ભોગવી નથી કોઇ ભુપતીએ, પ્રથમ હુવાઆ પ્રારબ્ધી. પ.
જેથી કરીને જસ્ની રાજ્યને, આ ાય મુબારક બ દી;
આસીરવાદ દીધો પ્રજાએ, એથી ઉમર વધો જાદી. પ.
શિવરાજ કહે શ્રીમન્મહારાજા, જુગો જુગ સ્વી જીવો,
અચળ રહો શ્રી ઇદ્રસિંહજી, કુમાર કુળ દીપક દીવો. પ.

મહારાઉલશ્રી તખ્તસિંહજી વિશે.

મનહર છંદ.

મહારાઉલ તખ્તેશ, ઘણું જીવો ગુણનીધી;
પુણ્યતણી બાંધી પાજય, ધર્મ ધ્વજ ધારી હે.
ધવળ સુધર્મીષ્ટ નીષ્ટ નિરમળ જાકી;
પાકી પ્રીત પ્રભુ સંગે, ચંગે ચિત ધારી હે.
સેવા કરે શિવકેરી, અઠો જામ આરાધકે;
પરોપકારી પ્રભાસો પ્રૌઢ પુન્યકારી હે.
વિદ્વાન બુદ્ધિમાન, જ્ઞાનમાન ધને સારે;
ગ્રંથદ્વારે ઘની ઘની, બિનાઓ ગુજારી હે.
ગુનનીધ સુપ્રચસિદ્ધ, દેશ રૂ વિદેશ બીચ;
પરીમલ સુગંધસો, પ્રબલ પ્રચારી હે.
નિરા અભિમાની બાની, સુંદર સુધા સમાન;
બિબેક બિચારસુ, ઉચ્ચાર સુ ઉચારી હે.

સદાચર્ણી સુભેચ્છક, કરણી કાશી સમાન;
બરની ન જાવે બુદ્ધિ, શુદ્ધિ સદા સારી હે.
રાજ કાજકે કામમે અનુભવી હોશિયાર;
બારબોજ ભુમંડળે. મોટા માન્યકારા હે.
દાના દીલકે ઉદાર, દયા દીન પેજાની;
રખી રેમ ઉરમે સો, બિપતી બિડારી હે.
જીહોશી ઉદારતા સો, જાહેરકી જગ બિચે,
મુત્સદી મોહનલાલ, મોટા કારભારી હે.
સુમાન્ય હે સરકાર, દીપતો સુંદર .ાર;
રામ જેસી રાજધાની, દાના દ-બારી હે.
તપો તખતે તખ્તેશ, કુશળ રહો કુમાર,
વારંવાર વિભુજીસું, વંદના હમારી હે.

મંડપવિશે

"નાથ કૈસે ગજકો બંધ છુડાયો" એ રાહ.

વિવાહ રચીયો મહાભારી, તખતસિંહે વિવાહ રચ્યા વડો ભારી
વડીલો જેવી રિધ્ધીમાંહે, વિમળયસ કીરતી વિસ્તારી. ત.
આમંત્રણો કરી દેશવિદેશે; સગા તેડયા સુખકારી;
મહાન રાજાઓ માન્યથી તેડયા, તેડયા દાના દરબારી. ત. ૧
દાના પધારેલ દરબારીયોની, સ્વાગત કીધી બહુ સારિ;
જેમણે આવી લગ્ન પ્રસંગે, વિશેષ શોભા વધારી. ત. ૨
તેજ દરશાવ્યું શ્રી તખ્તસીંહે, વડા આ વિવાહ પ્રસંગે;
ખર્ચ કીધો ખંત ધરી ખુબ, અધિપતીએ અધિક ઉમંગે. ત.
પ્રતાપી રાજા પ્રતાપસિંહજી, વાંસદાના વડા સદચારી,
ક્ષાત્રવટી વડા ખલક માંહે, મહા મોટા માન્યકારી. તખ્ત. ૪
યુવરાજ એમના ઇંદ્રસિંહ વેરે, પરણાવ્યાં . . કુમારી,

વિદ્યા ભણ્યા જે વિધવિધકેરી, રાજકાજમાં અતિ હોશિયારી.
દબદબાહાર દીપતી જાન લઇ, સાથે હજુર મોટા અધિકારી;
વિવેક જેમણે વડોજ કીધે, રોલ સહીત પધારી. ત. ૬
સપ્તરંગે રંગ્યા રૂપાળા, મહેલ મેલાતોને બાગે:
સવરા મડપ જેવે. સુદર મગળમય મદા માદકારી. ત ૮
બંગલા હવેલી મદીર મનોહર, રૂડાં રંગ્યાં મીનાકારી;
મગળ લીલા રચી મનોહર, ઇંદ્રપુરી હેઠ ઉતારી. ત. ૯
તરીયા તોરણો બાંધ્યાં સો બ.રે, કુસુમો કેરાં જરતારી;
લાયક શોભનાં લુગડા કેરાં, અસોપાલવનાં આનદકારી. ત. ૧૦
ઘોર નાદે નોબતો ગાજતી, શરણાઇયો વાજતી સારી,
વાજાં વડાં વિધ વિધનાં વાજે, ગાયનો ગાય લલકારી. ત. ૧૧
દારૂખાનું છુટયુ છટાદાર, તરેહદાર તેની તેજદારો;
દબદબાદાર સાજ દીપતુ, આવેલ અધિપતી અમીરો સરકારી.
મહારાઉલશ્રીનો મોટો ઉમંગ, પઢયોન જાય પોકારી;
હર્ષ અધિક ઉભરાય હૈયાબ્હાર, શોભા સઘળ સુધારી. તા.
તેજસ્વી મહારાજા તખ્તસિંહજીને, અમુલ્યતક હાથેજ લાધી,
એમજ જાણી હૈયા વિશે, અધિક પ્રીતીજ વાધી, ત. ૧૪
મર્તબાદાર માજી એલચામાને, હર્ષ જાએ ઉભરાઇ;
મોદ ધરી મહા મનડા વિશે સારી શોભા સજાઇ. ત. ૧૫
પટરાણ.ને હર્ષ હવો બહુ, કુંવરીના વિવાહ કેરો;
આએ નહી તે મનડા વિશે, ઘણે દરજજે હવો ઘણેરો. ત. ૧૬
મોદ હવો બહુ મોહનલાલને, કહેવાય જે કારભારી;
પિતા જેવી પરીમલ તેમની, જસ કીર્તિ જગ જારી. ત. ૧૭
ભલો હર્ષ હવોભાઇ સાથને, દીલ ખુશ હવા દરબારી,
જમાદારને ઝાઝો હરખ હવો, જે સંભાળ રાખેજ સારી. ત.

૩૩૫૦

ખર્ચ કર્યો બહુ ખંત ધરીને, વડો વિવાહ પ્રસંગ વિચારી,
નાત જાતને નગરમાંહે, જસ મેળવ્યો જયકારી. ત. ૧૯
ખુશ કર્યા બહુ કવિ વિપ્રને, યશ મેળવ્યો ઉપકારી
નીત નીત ભોજન સુરંજ નોતમ, સમરપ્યા પાન સોપારી.
વૈશાક સુદી એકાદશીએ, પરમ શોભા હતી પ્યારી;
મોટો ઉત્સાહ મહારાઉસાહા, જગદીશ રાખજો જારી. ત. ૨૨
વરઘોડામાં વરરાય કેરી, શોભા સારી દીસે,
દીપના દરેશ અલંકારોથી, હજુરોનાં મન હીસ્સે. ૨૩
નાચ નાટક રમતો રચાના, મનોહર મોદકારી,
મનોહર શોભા હતી માણસામાં અતિજ આનંદકારી. ત. ૨૪
પ્રતાપી મહારાજા પ્રતાપસિંહને, અપાર પડેરામણી ખુસકારી;
આવેલ મેમાના ઉર વિશે, સર્વે હતા સતોષકારી. ત. ૨૫
મોટો વિવેક માણસા દરબારનો, રૂડો જોઈ રાજદ્વારી,
હરષીત હુવા હરેક અધિપતી, દાના દીવાનો કારભારી. ત. ૨૬
સૌભાગ્ય ઉમા સાવીત્રનુ પામો, કુશળ કુમારી,
અચળ આયુશ થાઓ ઇંદ્રાસહજીનુ, વંદુ કુંજ વિહારી. ત. ૨૭
સુખી રહો સદા સુખપાળસિહજી, જસ કીરતી જગજામો,
વડીલો જેવા વિશ્વનીમાંહે, પદવીઓ ઉચી પામો. ત. ૨૮
તેજસ્વી ભૂપ તખ્તસિંહજી, સદા રહો સુખાકારી,
શિવલાલ કહે શિરનામી, વિભૂતું તનની હમારી. ત. ૨૯
દીવાન મોહનલાલ દરબારીઓ, અચળ રહો આનંદકારી,
બાપુજી સાનો વિવાહ વિનોદ, અચળ રહો અરજુ નીપુરાર'; ૩૦
વડી શોભા હતી વિવાહ પ્રસંગે, અથેચ્છ જેમાં ઉચારી,
પીતારામ પ્રસાદનો કહે સુરાજ્યો લેશો સ્વીકારી. ૩૧

સમાપ્ત